ગાંધીનગર સમાચાર



# મેંગો યા ઠેંગો..!!! ગાંધીનગરનો યુવાન ૩૨ પેટી કેરી જીત્યો

### સે. ૭ના ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. હાર્દિક તલાટીએ રેડિયો મિર્ચીની કોન્ટેસ્ટમાં કેરીની ૩૨ પેટી જીતી : જીતેલી તમામ પેટી ચેરિટિમાં વાપરવાની જાહેરાત કરી



ગાંધીનગર, તા. ૩૦

ઉનાળો આવે એટલે સૌથી પહેલા કેરી યાદ આવે અને જ્યારે કેરી યાદ આવે એટલે મોંઢામાં પાણી આવ્યા વિના ના રહે. અને એમાં પણ જ્યારે તમો કેરીની એક બે કે પાંચ નહી પરંતુ બત્રીસ પેટી મળી જાય તો કેવા જલસા પડી જાય ? ગાંધીનગરના એક યુવાને આજે રેડિયો મિર્ચીની 'મેંગો યા ઠેંગો' કોન્ટેસ્ટમાં પુરી ૩૨ પેટી કેરી જીતી ચકચાર મચાવી દીધી છે. વધુ આશ્ચર્યની વાત તો એ છે કે આ યુવાને તેણે જીતેલી તમામ ૩૨ પેટી કેરી ચેરિટિ માટે વાપરવાનો નિર્ણય કરી અનોખી સેવા ભાવના પણ પ્રદર્શિત કરી છે.

છેલ્લા બે-ત્રણ વર્ષથી દર ઉનાળામાં કેરીની સીઝનમાં એફએમ રેડિયો પરની લોકપ્રિય રેડિયો ચેનલ ૯૮.૩ રેડિયો મિર્ચી દ્વારા 'મેંગો યા ઠેંગો' નામની કોન્સ્ટેસ્ટ રમાડવામાં આવે છે. આ કોન્સ્ટેસ્ટમાં ભાગ લેનારને સવાલો પુછવામાં આવે છે તેના જવાબમાં તેમણે સાચો હોય તો 'મેંગો' અને જો ખોટો હોય તો 'ઠેંગો' જણાવવાનું હોય છે. દરેક સાચા જવાબો કેબીસીની જેમ ઈનામમાં કેરીની પેટીની સંખ્યા બમણી થતી જાય છે. જો જવાબ ખોટો પડે તો જીતેલી તમામ પેટી રદ થઈ જાય છે. આજે ગાંધીનગરના સે-૭માં ફિઝિયોથેરેપી સેન્ટર ચલાવતા યુવા ફિઝિયોથેરેપિસ્ટ ડૉ. હાર્દિક તલાટીએ ભાગ લીધો હતો અને એક પછી એક તેમણે છ સવાલોના સાચા જવાબ આપી કેરીની ૩૨ પેટી જીતી લીધી હતી.

ડૉ. હાર્દિક તલાટીને રેડિયો મિર્ચીના આરજે નેહલે 'ગુજરાત દિવસ'ને ધ્યાનમાં રાખીને ગુજરાતને લગતા સવાલો કર્યા હતા જેમાં રાજકોટ ગુજરાતનું ડાયમંડ સીટી છે ?, ગુજરાત પાસે લાંબામાં લાંબો દરિયા કિનારો છે ?, રોહિત શર્મા ગુજરાત લાયન્સ માટે રમે છે ?, નર્મદા, તાપી અને ગોદાવરી ગુજરાતની નદીઓ છે ?, અભિનેતા સંજીવકુમારનું બાળપણ સુરતમાં વિત્યુ હતુ ? અને શુ બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સુરતથી ભારતમાં પ્રવેશી હતી ? જેવા સવાલોનો સમાવેશ કર્યો હતો. આ તમામ સવાલના સાચા જવાબ આપી ડૉ. હાર્દિકે ૩૨ પેટી કેરી જીતી લીધી હતી ત્યાર બાદ તેમણે ગેમમાંથી ક્વીટ ઓપ્શન પસંદ કરી બહાર નીકળી ગયા હતા. ઈનામ જીત્યા બાદ તેમણે આ તમામ કેરીની પેટીઓ ચેરિટિ માટે દાનમાં આપવાની જાહેરાત પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. હાર્દિક તલાટી યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના વીસ ચેરમેન છે અને આ ટ્રસ્ટ દ્વારા સસ્તા દરે ફિઝિયોથેરેપી સેવાઓ, ગરીબો માટે દર ગુરૂવારે ખિચડી પ્રસાદ, નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પો જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. ડૉ. હાર્દિકે રેડિયો મિર્ચી પર ૩૨ પેટી કેરી જીતતા શહેરના યુવાનો તથા રેડિયોના શોખીનોમાં અને તેમના સમગ્ર મિત્ર વર્તુળમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે અને તેમના પર અભિનંદનની વર્ષા કરાઈ રહી છે.

## @ગાંધીનગર

● શ્રીરામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારના રોજ સવારે ૯ કલાકે સેક્ટર-૨૧, ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર ખાતે પક્ષી પરબનું નિઃશુલ્કપણે વિતરણ કરાશે.

● વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૨ વિશ્વકર્મા મંદિર ખાતે સમાજના સભ્યોના અભ્યાસ કરતા બાળકો માટે રાહતદરે ચોપડાનું વિતરણ કરાશે.

● દાદા ભગવાન પરિવાર દ્વારા સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સેક્ટર-૧૭, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે આપ્તપુત્ર સત્સંગ કાર્યક્રમ યોજાશે.

● સઈજ ગામના સિદ્ધનાથ મહાદેવ ખાતે સવારે ૮ થી ૧૧.૩૦ કલાક દરમિયાન રંગ અવધૂત પરિવાર દ્વારા સામુહિક દત્તબાવની ગાનનો કાર્યક્રમ યોજાશે.

● માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન ઘ-૪ના સર્કલ ખાતે પુસ્તક પરબ યોજાશે.

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮.૦૦ કલાકે નિર્દિષ્ટ લયબદ્ધ શ્વસનક્રિયાનો કાર્યક્રમ સે. ૧૨ બલરામ મંદિર ખાતે યોજાશે.

● એટીએમ ગિટારિસ્ટ ગૃપ દ્વારા સાંજે ૮.૩૦ કલાકે ઘ-૪ સર્કલ નજીક સાયકલ સ્ટેન્ડ સામે સ્વર્ણિમ પાર્કમાં શહેરના ગિટાર લવર્સ દ્વારા સાથે મળી ગિટારવાદન યોજાશે.

● ગુજરાત સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગરમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સવારે ૭.૦૦ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતેથી રન ફોર ગુજરાતની દોડનો પ્રારંભ થશે.

## આજે દાદા ભગવાન પરિવારનો સત્સંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

દાદા ભગવાન પરિવાર ગાંધીનગર દ્વારા તા. ૧લી મે ના રોજ આપ્તપુત્ર સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૧૭, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સત્સંગનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગનો લાભ લેવા નગરજનોને મનીષ શુકલે જણાવ્યું છે.

# ડાયમંડ ગ્રેડેશન કૌભાંડમાં વધુ ત્રણ આરોપી પકડાયા

### ડાયમંડના ગ્રેટ સોફટવેરથી વધારી આપતા ટીસીએસના બે કર્મચારીઓ પકડાયા હતા તેમની પુછતાછમાં સંખ્યાબંધ શખ્સોની સંડોવણી ખુલી

ગાંધીનગર, તા. ૩૦

ટી.સી.એસ.માં બે કર્મચારીઓ ડાયમંડના બોગસ ગ્રેડ આપીને રૂપિયા લઈ તેના ગ્રેડ વધારી આપતા હોવાનું કૌભાંડ મહિનાઓ અગાઉ ઈન્ફોસીટી પોલીસે પકડ્યુ હતુ અને તે સમયે બન્ને શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પુછપરછમાં તપાસનો રેલો મુંબઈ અને સુરત સુધી પહોંચ્યો છે. સંખ્યાબંધ આરોપીઓના નામ ખુલ્યા છે. જે પૈકી કેટલાકની અગાઉ ધરપકડ થઈ ગઈ હતી, જ્યારે આજે વધુ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ઈન્ફોસીટી પોલીસમથકના પી.આઈ. પી.બી. ચૌહાણે મહિનાઓ અગાઉ બે શખ્સોની ટીસીએસમાંથી ધરપકડ કરી હતી. આ બંને શખ્સો ટીસીએસમાં કામ કરતા હતા. બંને આરોપીઓ કંપનીમાં ડાયમંડ ગ્રેડેશન માટે આવતા ડાયમંડ પૈકી કેટલાક મળતીયા ડાયમંડ વેપારીઓ પાસેથી રૂપિયા ઉઘરાવીને ડાયમંડના ગ્રેડ વધારી આપતા હતા. જેનાથી ડાયમંડના ભાવ વધી જાય..! આ કૌભાંડ પકડીને બંને શખ્સોની પુછપરછ કરતાં અન્ય સાગરીતોનું લીસ્ટ બહાર આવ્યું હતું. તબક્કાવાર તે તમામની ધરપકડ કરી લેવાઈ હતી. દરમ્યાન આજે વધુ ત્રણ સાગરીતોની ધરપકડ કરવામાં આવી છે. મુંબઈના અંકિત હસમુખ શાહ, સુરતના નિલેશ ભગવાન બોરડા અને ભાવેશ નાનુ રાદડીયા ત્રણેયની ધરપકડ કરી ઈન્ફોસીટી પી.આઈ. પી.બી. ચૌહાણે ઊંડી તપાસ આરંભી છે.






ખોડલ ધામ કાગવડ ખાતે આગામી તા. ૨૧-૧-૨૦૧૭ ને શનિવારના રોજ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત કાગવડથી સુંદર કલાત્મક માતાજીના રથે ગત્ જાન્યુઆરી માસમાં પ્રસ્થાન કર્યું છે. ગુજરાતના વિવિધ જિલ્લામાં પરિભ્રમણ કરીને માતાજીનો રથ ગત્ તા. ૨૫મી એપ્રીલના રોજ ગાંધીનગર જિલ્લામાં આવી પહોંચ્યો હતો અને જિલ્લાના સુઘડ, ધમાસણા સહિતના ગામોમાં રથ ફર્યો હતો. ખોડલ ધામ રથનું ઠેરઠેર ભવ્ય સ્વાગત સમાજના ભાઈ બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે જયાં જયાં રથનું રાત્રી રોકાણ હોય ત્યાં સુંદર ગરબાનું પણ ભકતો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેરમાં માતાજીના રથનું આગમન આજે સાંજે થતાં સેકટર-૭ સૌરાષ્ટ પટેલ વાડી ખાતે શહેરમાં વસતા લેઉવા પાટીદાર સમાજના ભાઈ બહેનો, યુવાનો મોટીસંખ્યામાં એકત્ર થયા હતા અને માતાજીની પૂજા-આરતી કરી હતી. જયારે તા. ૧લી મેના રોજ ગાંધીનગરથી રથનું પ્રસ્થાન થશે અને રસરાજ પાર્ટી પ્લોટ ખાતે પહોંચશે જયાં સાંજના સુમારે ખોડલધામ કાગવડ ખાતે આયોજીત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે ચર્ચા-વિચારણા માટે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મોટીસંખ્યામાં લેઉવા પાટીદાર સમાજના ભાઈ -બહેનો હાજર રહેશે. તેમ ખોડલ ધામ રથના ગાંધીનગર જિલ્લાના કન્વીનર ઉરેન પટેલ અને સમાજના કુંવરજીભાઈ પટેલે જણાવ્યું છે.

# અંધશાળાના વિદ્યાર્થીઓએ રાજયપાલનો આભાર માન્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સેકટર-૧૬ ખાતે આવેલી અંધશાળાના બાળકો, શિક્ષણગણ તથા શાળાના હોદ્દેદારોએ રાજયપાલ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન અંધશાળાના વિદ્યાર્થીઓને અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોય છે જેની રજૂઆત કરવામાં આવી હતી. અંધશાળાના સ્ટાપની રજૂઆત અન્વયે રાજયપાલશ્રીએ સહાનુભૂતિ દાખવી તેમને સવલતોમાં વધારો કર્યો હોવાનો પણ સંસ્થા દ્વારા જણાવાયું છે. સંસ્થાના મંત્રી રહેમાનભાઈ અંસારીના જણાવ્યા મુજબ રાજયપાલશ્રી સાથેની મુલાકાત દરમિયાન વિકલાંગોના પડતર પ્રશ્નો પૈકી એસ.ટી. બસ પ્રવાસમાં ફક્ત સાદી અને એક્સપ્રેસ બસમાં જ વિના મૂલ્ય મુસાફરીનો તેમજ તેમાં પણ આવક મર્યાદા વાર્ષિક આવક રૂપિયા ૨.૫ લાખની હતી તથા દર પાંચ વર્ષે વિકલાંક ઓળખપત્ર રિન્યુ કરવા બાબતે પડતી મુશ્કેલીઓ રજૂ કરી તેમાં સુધારો કરવા વિનંતી કરી હતી.

# નાગરિક સંરક્ષણ તથા ટ્રાફિક બ્રિગેડ દ્વારા પૂ. રવિશંકર મહારાજની પ્રતિમા ખાતે સફાઈ યોગદાન

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્યની સ્થાપના દિન ૧લી મે અંતર્ગત રાજ્ય સરકાર તથા જિલ્લા કલેક્ટરની સૂચનાઓ અનુસાર ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ અને શહેર ટ્રાફીક બ્રીગેડના સ્વયંસેવકો, વોર્ડનનો અને પદાધિકારીઓએ આજરોજ સ્થાપના દિનની પૂર્વ દિવસે કલેક્ટર રવિશંકર તથા નાયબ નિયંત્રક રાઠોડ તથા ચીફ વોર્ડન અરૂણ બુચના માર્ગદર્શન હેઠળ ઘ-૫ સ્થિત પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાની સફાઈ કરી ઘ-૫ સર્કલની સફાઈ કરી પૂષ્પાંજલિ અર્પણ કરી સરકારશ્રીના તથા જિલ્લાતંત્રના આદેશોને ધ્યાનમાં લઈ ચીફવોર્ડન અરૂણ બુચ, ડેપ્યુટી ચીફ વોર્ડન દીક્ષીત પટેલ, ડીવીઝનલ વોર્ડન અંજના નિમાવત તથા કૈશલ જાની, સતીષ પટેલ, મહાવિર નિમાવત, ભરત બારોટ સહીત મોટી સંખ્યામાં નાગરિક સંરક્ષણ દળના વોર્ડનોએ ઉપસ્થિત રહી સન્માનપૂર્વક પુષ્પાંજલિ કરી ગુજરાત ગૌરવ દિનની ઉજવણીનો આરંભ કર્યો હતો.

આજ રીતે તા. ૧લી મેના રોજ સવારે રન ફોર ગુજરાત દોડમાં નાગરિક સરંક્ષણ એકમના વોર્ડનશ્રીઓ સહભાગી થશે તેમજ ટ્રાફીકબ્રીગેડના જવાનો માર્ગ સલામતિની સેવાઓ આપશે. આ તમામ ઉજવણીમાં નાગરિક સંરક્ષણદળના વોર્ડનો ઉત્સાહભેર જોડાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાની ૬૨૭ સરકારી શાળાઓના પરિણામ આજે જાહેર થયા. આ પરિણામ સો ટકા આવ્યુ છે. અને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ તમામ શાળાઓએ પ્રભાવી પ્રદર્શન કર્યું છે.

● સે. ૩માં રહેતા ભરતભાઈ સાળુંકે વયનિવૃત્ત થયા છે. વય નિવૃત્તિ દિવસે જ તેમને અતિશય ગરમીના કારણે ઝાડા-ઉલ્ટી થતા તબિયત લથડી હતી.

● ગાંધીનગર નજીક એસજી હાઈવે પર અદાણી શાંતિગ્રામ ખાતે યોજાયેલ પાકિસ્તાની ગાયક રાહત ફતેહ અલીખાનના કાર્યક્રમ માટે વિરોધ ઉભો થયો હતો. જો કે કાર્યક્રમ સ્થળે વિરોધ પ્રદર્શિત કરવા આવેલા ચાર ઈસમો 'તોડબાજ' નિકળતા પોલીસે તેમની અટકાયત કરી ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી હતી.

● શાળાઓના પરિણામો આવી ગયા બાદ સોમવારથી વિધિવત રીતે વેકેશનનો પ્રારંભ થઈ રહ્યો છે. બાળકો તો વેકેશન માણવા માટે આનંદિત છે પરંતુ વાલીઓ અત્યારે એડમિશનની મથામણમાં શાળા સંકુલોમાં ભીડ જમાવી રહ્યા છે.

## વાવોલમાં મહિલાઓ માટે નિઃશુલ્કપણે યોગ શિબિર

ગાંધીનગર, તા. ૩૦

પતંજલિ યોગ સમિતિ તથા નૈસર્ગિક સ્વાસ્થ મંડળ દ્વારા આગામી તા. ૨ થી ૪ મે સુધી મહિલાઓ માટે નિઃશુલ્કપણે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ન્યુ વાવોલ વિસ્તારમાં ઉવારસદ રોડ નજીક ભૂમીપાર્ક સોસાયટીની પાછળના ભાગે નવનિર્મિત અક્ષર હોમ સોસાયટી ખાતે સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન યોગ શિબિર યોજાશે. જેમાં યોગ શિક્ષિકા વર્ષાબેન દવે અને ઈલાબેન વોરા સેવા આપશે. નગરની તમામ મહિલાઓને શિબિરનો લાભ લેવા જણાવાયું છે.

# બાળકો પાસેથી આખા વર્ષની એનર્જી મળે છે

### ભાર વિનાના ભણતર અને દફતરથી દૂર બાલોત્સવમાં કોલાહલ કરતા માસુમ બાળકોમાં કલાકારો સાંસ્કૃતિક ચેતના પ્રગટાવે છે

ગાંધીનગર, તા. ૩૦

બાળકોમાં કલા અને સંસ્કૃતિ પ્રત્યે રુચિ કેળવાય અને સ્ટેચ ફીયર દૂર થાય તે માટે કલરવ સંસ્થા દ્વારા વેકેશનના સમયગાળામાં હાલ બાલોત્સવની ઉજવણી કરવામાં આવી છે. જેમાં નૃત્યુકલા, અભિનય કલા સહિતની વૈવિધ્યસભર કલાત્મક વૃત્તિ પ્રવૃત્તિમાં જોડાવવા બાળકોને પ્રોત્સાહિત કરવાનું ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. કલરવ સંસ્થામાં બાળકોને વિવિધ તાલીમ આપતા તજજ્ઞો પણ આ ઉમદા પ્રવૃત્તિમાં જોડાઈને બે ઘડી જાણે પોતાનું બાળપણ યાદ કરી લેતા હોવાની લાગણી મહેસુસ કરે છે. ભાર વિનાના ભણતર અને દફતરથી દૂર કોલાહલ કરતા માસુમ બાળકો માટે કલાની કેડી કંડારવા કલા ગુરૂઓને પણ ખૂબ આનંદ આવે છે. બાલોત્સવમાં તાલીમ આપતા તજજ્ઞોના મતે બાળકોનો કલરવ આખા વર્ષની એનર્જી પ્રદાન કરે છે. બાલોત્સવની ઉજવણીમાં જોડાયેલા કલાકારો પણ કાબીલેદાદ છે.

● નીતિન પટેલ

નાટક એ સમાજનો આયનો છે જેમાં સમાજજીવન પ્રતિબિંબિત થાય છે. અભિનય કલાથી બાળકોની વકતવ્યશક્તિની સાથે સાથે રોજીંદા વહેવારમાં પણ પાકટતા આવી જાય છે જે તેમના વ્યક્તિવિકાસની સાથે પ્રત્યેક ક્ષેત્રે આગળ વધવામાં મદદરૂપ થાય છે.

કલરવરના પ્રારંભથી જ પ્રત્યેક શિબિરમાં તજજ્ઞ તરીકે સેવા આપતો રહ્યો છું. કલાગુરૂ શ્રી પ્રકાશભાઈ લાલાના માર્ગદર્શન હેઠળ નાટકની તાલીમ મેળવી છે. ૪૦ વર્ષથી બાળ વિકાસક્ષેત્રે કાર્યરત બાળકોની સંસ્થા બાલકન-જી-બારીમાં સેવા આપવા ઉપરાંત શાળા-કોલેજોમાં નાટ્ય દિગ્દર્શન, સરકારી-ખાનગી સંસ્થાઓ આયોજીત સાંસ્કૃતિક મહોત્સવોની અભિનયલથી સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકેની સેવા આપી છે.

આ વર્ષે કલરવ શિબિરમાં નાટ્યની તાલીમ સ્વલિખિત નાટક 'ચાલો શોધીએ બાળપણ આપણુ' 'અમને અમારૂ બાળપણ આપો' તૈયાર કરાવી રહ્યો છુ. ૩૧ બાળકોની ટીમ છે. મોટાઓ આજે નામ-દામની પાછળ દોડધામમાં વ્યસ્ત છે. બાળકો પ્રત્યે ધ્યાન આપી શકતા નથી. તો બીજી તરફ, પોતાની ભૌતિક સુવિધાઓ માટે, વિકાસના નામે પ્રાકૃતિક સંપત્તિ, પાણી વીજળીનો બગાડ કરે છે. ગંદકી-પ્રદૂષણ વધારે છે. જેની અસર આવનાર વર્ષોમાં પડતાં બાળકોના ભવિષ્ય સામે જોખમ ઉભુ થશે. બાળકો આ નાટકમાં આ સઘળા મુદ્દાઓ ઉઠાવી વડીલો પાસે જવાબ માંગશે.

● ખુશ્બુ શુકલ, કુલદીપ શુકલ

બાલોત્સવમાં બાળકોનો કલા પ્રત્યે લગાઉ વધે તે ઉપરાંત તેમનામાં સંસ્કારનું સિંચન થાય તેવું પણ પ્રયાસ કરવામાં આવે છે. પ્રાર્થનાથી શરૂ થતી શિબિરની કાર્યવાહીમાં વિરામના સમયે બાળકોને પોષ્ટીક નાસ્તો પીરસવામાં આવે છે. દરેક બાળકો ઉપર વિશેષ કાળજી લઈ ધ્યાન અપાય છે. બાળકો સાથે કલાકારો માટે પણ આ શિબિર રીફ્રેશમેન્ટ પુરવાર થાય છે.

● નિતિન દવે, ચાહના દવે

વેણુભારતી કલા સંસ્થાના નીતિન દવે અને ચાહના દવેના જણાવ્યા મુજબ અત્યાર સુધી કલાકાર તરીકે વાઈબ્રન્ટ ગુજરાત સહિતના કાર્યક્રમોમાં પરફોર્મ કર્યું છે. પરંતુ બાલોત્સવમાં બાળકો સાથે કામ કરવાનો આનંદ કંઈક અનોખો છે. માસુમ બાળકો સાથે નાનપણના દશ્યો માનસપટ પર અંકિત થઈ આવે છે. ખરેખર કલરવમાં રહેવાથી આખા વર્ષની એનર્જી મળે છે.

● જયતિ બ્રહ્મભટ્ટ

પંડિત બિરજુ મહારાજને રોલ મોડલ માનતી જયતિ છેલ્લાં પાંચ વર્ષથી નૃત્યની તાલીમ આપવાનું કામ કરે છે. એ જણાવે છે કે બે વર્ષથી બાલોત્સવની શિબિરમાં બાળકોને કથ્થક શીખવવાની ખૂબ મજા આવે છે. બાળક સાથે બાળક બનીને રહેવાની તક મળે છે.

● હેમા ભટ્ટ

બાલોત્સવમાં બાળકોને વિવિધ નૃત્યોના સ્ટેપ્સ લેતાં જોઈ આનંદ આવે છે. બાળક સાથે બાળક બની જવાની મજા આવે છે. બાળપણનાં સ્મરણો તાજાં થઈ આવે છે, એમ જણાવતાં હેમા ભટ્ટ ઉમેરે છે કે, બાળકોને શીખવવાથી કલાકારપણું સાર્થક નીવડ્યું છે તેવો અહેસાસ થાય છે.

● મિતિ ભટ્ટ

'કલવર સંસ્થા સાથે ચાર વર્ષથી જોડાયેલી છું.' માઉન્ટ કાર્મેલ શાળામાં ડાન્સ ટીચર તરીકે ફરજ બજાવતાં મિતિને બાલોત્સવની આ પ્રવૃત્તિમાં જોડાવાની પ્રબળ ખેવના હતી, જે હવે સાકાર થતાં પોતે આત્મસંતોષની લાગણી અનુભવે છે એમ તેઓ જણાવે છે.



● આકાશ શર્મા

'કલાક્ષેત્રે છેલ્લાં બાર વર્ષથી જોડાયેલો છું, આંતરરાષ્ટ્રીય શો પણ કરું છું.' બાલોત્સવમાં પંજાબી અને હરિયાણી નૃત્ય શીખવતા આકાશને બાળકોનો ઉત્સાહ જોઈ તેમને તાલીમ આપવા માટે વધુ સમય આપવાનું મન થાય છે.







# સિવિલના જનસંપર્ક અધિકારીનો નિવૃતિ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવતા જયંતિભાઈ આહીર વયનિવૃત થતાં હોસ્પિટલ તંત્ર દ્વારા સિવિલ હૉસ્પિટલ ખાતે નિવૃતિ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટીસંખ્યામાં કર્મચારી-અધિકારીઓ ઉપસ્થિત રહીને જયંતિભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી.

મેડીકલ કોલેજ સંલગ્ન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવતા જયંતિભાઈ આહીર વયનિવૃત થતાં તંત્ર દ્વારા સિવિલ સંકુલ ખાતે નિવૃતિ સન્માન સમારોહનું ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હાજર હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયક, આરએમઓ ડો.કે.બી શાહ, ડો. કમલેશ જશપરા અને ડો.રાજેન્દ્ર ચૌહાણ, પુષ્પગુંચ્છ અને મોમેન્ટો આપતા જણાવ્યું હતું કે જયંતિભાઈ આહીર અમારી માટે સંકટ સમયની સાંકળ હતા.તેઓ ખુબ સારી વહીવટી સુઝ ધરાવતા હોવાથી તંત્રને પણ લાભ મળતો હતો તેમજ અનુભવ અને ઉંચી દીર્ઘદ્રષ્ટિ ધરાવતા અધિકારીની ખોટ સાલશે તેમ કહીને તેમની સેવાને બિરદાવી હતી. તેઓનું નિવૃત જીવન સ્વસ્થ અને સુખમય પસાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. હોસ્પિટલના હિસાબી અધિકારી કુંપાવતભાઈ, કચેરી અધિક્ષક ડી.કે.વણકર, મેટ્રન પુષ્પાબેન, એએચએ સુનિતા પરીખ, એસઆઈ ભરતભાઈ બારોટ, પ્રકાશભાઈ સહિત કર્મચારી-અધિકારીઓએ ફુલહાર પહેરાવી શુભેચ્છા સ્વરુપે શ્રીફળ તેમજ મોમેન્ટો આપી હતી. આ પ્રસંગે જયતિભાઈએ પણ સ્ટાફનો આભાર વ્યકત કરી હંમેશા અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મિત્રોની યાદ આવશે તેમ કહેતા ગળગળા થઈ ગયા હતા. આ પ્રસંગે મોટીસંખ્યામાં ડોકટર્સ, અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ચિરવિદાય

● સ્વ. પ્રજાપતિ ભગવાનભાઈ હરચંદભાઈ, ઉ.વ.૭૧
● સ્વ. હરજીભાઈ ગાભાભાઈ દંતાણી, ઉ.વ.૪૫